Extra No. 271

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **FRIDAY, AUGUST 1, 2025 / SRAVANA 10, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

:: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ગ) હેઠળનું ::

File No:PAN/OTH/e-file/454/2025/1670/Extra Chitnis પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના તાજપુરા નારાયણધામ આશ્રમ ખાતે આગામી તા.૧૦/૦૭/૨૦૨૫ ના રોજ ગુરૂપૂર્ણિમાંના તહેવારની ઉજવણી કરવામાં આવનાર છે. આ તહેવારમાં મોટી સંખ્યામાં ભકતો દર્શનાર્થે આવતા હોય છે. આ ભકતજનો પોતાના ખાનગી વાહનો લઈને આવતા હોય છે. તેમજ ખાનગી વાહનો ચાલકો પણ યાત્રાળુઓને તાજપુરા ખાતે લઈને આવતાં જતા હોય છે. જેથી એકજ રોડ ઉપર વાહનોની અવર-જવરના કારણે તેમજ સાંકડો રોડ હોવાથી ટ્રાફીક નિયમન ખોરવાય જાય છે. ગત વર્ષે આ તહેવાર દરમ્યાન દોઢથી બે લાખ જેટલા ભક્તજનો આવેલ હતા. ચાલુ વર્ષે પણ આટલા ભક્તજનો આવવાની શકયતા હોય, અને આ દરમ્યાન વાહન, વ્યવહાર ખોરવાય જવાની શકયતા રહેલી છે. જેથી આ સમસ્યાને દુર કરવા સારૂ તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી યોગ્ય રીતે થાય તે હેતુસર તા.૧૦/૦૭/૨૦૨૪ ના રોજ કલાક ૦૦:૦૦ થી કલાક ૨૪:૦૦ સુધીના સમયગાળા માટે હાલોલ તાલુકાના વાંસેતી ગામની ચોકડીથી તાજપુરા નારાયણધામ આશ્રમ સુધી ફકત આવવા માટે તેમજ તાજપુરા નારાયણધામ આશ્રમથી ગોપીપુરા રોડ થઈ હાલોલ/વડોદરા તરફ વાહન વ્યવહાર પરત જવા સારૂ, રસ્તાને એકતરફી જાહેર કરવા જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી પંચમહાલ ગોધરાના પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./જાહેરનામું/૨૨૮૯/૨૦૨૫ તા.૦૫/૦૭/૨૦૨૫ થી દરખાસ્ત કરેલ મોકલી આપેલ છે.

ઉકત દરખાસ્તની હકીકત ધ્યાને લેતાં હાલોલ તાલુકાના તાજપુરા નારાયણધામ આશ્રમ ખાતે આગામી તા. ૧૦/૦૭/૨૦૨૫ ના રોજ ગુરૂપૂર્ણિમાના તહેવારની ઉજવણી નિમિતે મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ આવનાર હોઈ ટ્રાફિક નિયમન તેમજ કાયદો વ્યવસ્થાની જાળવણી માટે ઉક્ત રજુ કરે દરખાસ્તની વિગતે એક તરફી રસ્તો કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

અત્રેની કચેરીના હુકમ ક્રમાંક:મકમ/વશી/૧૨૪૧ થી ૧૨૬૬/૨૦૧૦ તા.૧૬/૦૮/૨૦૧૦ ના હુકમથી સરકારશ્રીના મહેસૂલ વિભાગ, ગાંધીનગરના ઠરાવ તા.૧૫/૦૨/૧૯૯૯ ની સૂચના મુજબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ હેઠળની જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીની સતા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી સુપ્રત કરવામાં આવેલ છે.

આથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે મળેલ અધિકારની રૂએ હું જે.જે.પટેલ (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, પંચમહાલ ગોધરા, તા.૧૦/૦૭/૨૦૨૫ ના કલાક ૦૦:૦૦ થી કલાક ૨૪:૦૦ સુધીના સમયગાળા માટે હાલોલ તાલુકાના વાંસેતી ગામની ચોકડીથી તાજપુરા નારાયણધામ આશ્રમ સુધી ફકત આવવા માટે તેમજ તાજપુરા નારાયણધામ આશ્રમથી ગોપીપુરા રોડ થઈ હાલોલ/વડોદરા તરફ ફકત પરત જવા માટેનો રસ્તો એક તરફી રાખવા ફરમાવું છું.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ: ૭મી જુલાઈ-૨૦૨૫ ના રોજ મારી રાહી તથા કચેરીનો સિકકો કર્યો.

જે. જે. પટેલ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ ગોધરા

જાહેરનામું

વંચાણે લીધાઃ-

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન વિભાગ ગોધરાના પત્ર ક્રમાંક : સીબી/હાલોલ/૧૦૯/૨૦૨૫ તા.૦૨/૦૭/૨૦૨૫

(૨) પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાના પત્ર ક્રમાંક : એલ.આઈ.બી/રેલ્વે અંડરપાસ/અભિપ્રાય/૨૩૬૪/૨૦૨૫ તા.૧૫/૦૭/૨૦૨૫

(૩) સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી ગોધરા પ્રાંત ગોધરાના પત્ર ક્રમાંક : એમ.એજી/વશી/૩૪૦/૨૦૨૫ તા.૧૧/૦૭/૨૦૨૫

(૪) ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ ની જોગવાઈ

જાહેરનામું

:: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (ખ) હેઠળનું ::

કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન વિભાગ ગોધરાના વંચાણે લીધેલ અ.નં.(૧) પરના તા।।૨૭/૧૦/૨૦૨૩ ના પત્રથી તેઓની કચેરી હસ્તક આવેલ કાલોલ-પાડું/ઠાસરા રસ્તા પર આવેલ કન્સ્ટ્રકશન ઓફ આર.ઓ.બી.ઈન લ્યુ ઓફ.સી.૩૨ એટ કી.મી. ૪૪૫/૨૦-૨૨ બિટવીન ડેરોલ ખરસાલીયા બ્લોક સેકશન ઓન વડોદરા ગોધરા બીજી રેલ્વે. (ડેરોલ સ્ટેશન પાસે)'' નો કામનો વર્ક ઓર્ડર તા.૦૧/૦૮/૨૦૨૩ ના રોજ આપેલ છે. સદર કામ હાલ પ્રગતિમાં છે. સદર રસ્તા પર સેવાલીયા કવોરીમાંથી રો-મટીરીયલ લઈને આવતા ભારે વાહનોની અવર જવર વધુ રહેતી હોવાથી સદર કામના બ્રિજની સાઈડ પર તૈયાર કરવામાં આવેલ ડાયવર્ઝન પણ ભારે વાહનો માટે ઉપયોગી થઈ શકે તેમ નથી. ભારે વાહનોને લીધે સદર જગ્યા પર ટ્રાફીકની ગંભીર સમસ્યા સર્જાય છે. જેથી સ્થળ પર કામગીરી કરવામાં ખુબ જ અગવડ થાય છે. આમ એલ. સી.૩૨ પાસ્ટથી પસાર થતો સદર રસ્તો ભારે વાહનો માટે બંધ કરવા માટે જાહેરનામુ પાડવું આવશ્યક છે. જે અન્વયે અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક : મજસ/રેલ્વે/સમારકામ/જાહેરનામું/વશી/૪૦૮૨ થી ૪૦૯૧/૨૦૨૩ તા,૧૦/૧૧/૨૦૨૩ થી સુચિત કાલોલ તાલુકાના એલ.સી.નં.૩૨(કી. મી૪૪૫/૨૦-૨૨ બિટવીન ડેરોલ ખરસાલીયા બ્લોક સેકશન ઓન વડોદરા ગોધરા બ્રિજ રેલ્વે (ડેરોલ રેલ્વે સ્ટેશન પાસે) પર રોડ ઓવર બ્રીજની કામગીરી ચાલુ હોય કાલોલ-ડેરોલ-બલેટીયા/સાતમણા-કલ્યાણ-વચ્છસર-ઉદલપુર-સેવાલીયા તરફથી આવતા-જતાં તમામ પ્રકારના ભારેવાનોની અવર-જવર તા.૧૦/૧૧/૨૦૨૩ ના સવારના ૬:૦૦ કલાકથી બ્રીજથી કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધીઆ સમયગાળા માટે બંધ કરવા તેમજ આ સમયગાળા દરમ્યાન સદર કાલોલ-ડેરોલ-બલેટીયા-સાતમણા-વચ્છેસર-ઉદલપુર-સેવાલીયા તરફથી આવતા-જતાં તમામ પ્રકારના ભારે વાહનો કાલોલ-વેજલપુર-ટુવા-ઉદલપુર-સેવાલીયાના/રૂટ ઉપરથી અવર-જવર કરી શકાશે તે મુજબનું બહાર પાડવામાં આવેલ છે. જે યથાવત રાખવા વિનંતી કરી દરખાસ્ત મોકલી આપેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી પંચમહાલ ગોધરાના વંચાણે લીધેલ અ.નં.(૨) પરના તા.૧૫/૦૭/૨૦૨૫ ના પત્રથી ઉકત વિગતેનું જાહેરનામું બહાર પાડવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી ગોધરાના પ્રાંત ગોધરાના વંચાણે લીધેલ અ.નં.(૩) પરના તા.૧૧/૦૫/૨૦૨૫ ના પત્રથી ઉકત વિગતેનું જાહેરનામું બહાર પાડવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

ઉકત વિગતે કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન વિભાગ ગોધરાની મળેલ દરખાસ્તે પોલીસ અધિક્ષકશ્રી ગોધરા અને સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી ગોધરાના અહેવાલ સહ અભિપ્રાય મુજબ ઉદલપુર-સેવાલીયા, વચ્છસર-કલ્યાણા સાતમણા-બલેટીયા-ડેરોલ તથા કાલોલ તરફથી આવતા તમામ ગામોને લગતા રૂટ પરના ભારે વાહનોની અવર-જવર હાલના રૂટ મુજબ પ્રતિબંધ કરી તે તમામ ભારે વાહનોની અવર-જવર માટે મળેલ અહેવાલની વિગત વૈકલ્પિક રસ્તો કાલોલ-વેજલપુર-ટુવા-ઉદલપુર-સેવાલીયાના રૂટ ઉપર ડાયવર્ઝન આપવા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) મુજબના તા.૧૬/૦૭/૨૦૨૫ ના રોજ સવારના ૦૬:૦૦ કલાકથી તા.૩૧/૧૨/૨૦૨૫ ના ૧૮:૦૦ કલાક સુધીના સમયગાળા માટે તમામ પ્રકારના (નાના/મોટા)વાહનો માટે ફાટક બંધ કરવું જરૂરી જણાય છે.

આથી હું જે.જે.પટેલ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ- પંચમહાલ ગોધરા, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) (ખ) અન્વયે મને મળેલ અધિકારની રૂએ આથી નીચે મુજબની અમલવારી કરાવવા ફરમાવુ છું કે,

(૧) સૂચિત કાલોલ તાલુકાના એલ.સી.નં.૩૨(કિ.મી.૪૪૫/૨૦-૨૨ બીટવીન ડેરોલ ખરસાલીયા બ્લોક સેકશન ઓન વડોદરા ગોધરા બીજી રેલ્વે(ડેરોલ રેલ્વે સ્ટેશન પાસે) પર રોડ ઓવર બ્રીજની કામગીરી ચાલુ હોઈ કાલોલ-ડેરોલ-બલેટીયા-સાતમણા-કલ્યાણા-વચ્છેસર-ઉદલપુર-સેવાલીયા તરફથી આવતાં-જતાં તમામ પ્રકારના (નાના/મોટા) વાહનોની અવર-જવર તા.૧૬/૦૭/૨૦૨૫ ના રોજ સવારના ૦૬:૦૦ કલાક થી તા.૩૧/૧૨/૨૦૨૫ ના ૧૮:૦૦ કલાક સુધીના સમયગાળા માટે સદંતર બંધ રહેશે.

(૨) આ સમયગાળા દરમ્યાન સદર વૈકલ્પિક રસ્તા તરીકે કાલોલ-ડેરોલ-બલેટીયા-સાતમણા-કલ્યાણા-વચ્છેસર-ઉદલપુર-સેવાલીયા તરફથી આવતાં-જતાં તમામ પ્રકારના ભારે વાહનો કાલોલ-વેજલપુર-ટુવા-ઉદલપુર-સેવાલીયાના રૂટ ઉપરથી આવ-જા કરી શકાશે.

(૩) આ સમયગાળા દરમ્યાન સદર વૈકલ્પિક રસ્તા તરીકે (૧) કાલોલ-પીંગળી-કાનડ રોડ કી.મી.૧.૩૦૦ (પીગળી ફાટક) તથા (૨) પીંગળી ફાટક-ડેરોલ સ્ટેશન રોડ કી.મી.૧.૩૦૦ રૂટ ઉપરથી આવ-જા કરી શકાશે.

(૪) સદરહુ રેલ્વે ફાટક નં.૩૨ પરના રોડ ઓવર બ્રીજનું કામતા.૧૬/૦૭/૨૦૨૫ ના રોજ સવારના ૦૬:૦૦ કલાક થી તા.૩૧/૧૨/૨૦૨૫ ના રોજ ૧૮:૦૦ કલાક સુધીમાં પૂર્ણ કરવાનું રહેશે.

(૫) આ કામે જાહેર જનતાને અગવડ ન પડે તેમજ લોકોની સુરક્ષા અને સલામતીના હેતુસર પુરની તકેદારી રાખી યોગ્ય જગ્યાએ જરૂરી સૂચના માટેના બોર્ડ દર્શાવવાનું રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલા--૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૦ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ.૧૫મી જુલાઈ ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

જે. જે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ ગોધરા

વાંચ્યા:-

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(પંચાયત) ગોધરાના પત્ર જા.નં.સીબી/ગોધરા/૧૧૬/૨૫ તા.૧૫/૦૭/૨૦૨૫

(૨) અત્રેની કચેરીના તા. ૧૭/૦૫/૨૦૨૪૫ના જાહેરનામાં ક્રમાંક : PAN/0207/05/2025

(૩) ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) હેઠળ

નં.એમએજી/જાહેરનામું / વશી ૧૫૪૫ થી ૧૫૫૫/૨૦૨૫.- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(સ્ટેટ) ગોધરાના વંચાણે લીધેલ અ.નં.(૧) ના તા.૧૫/૦૭/૨૦૨૫ ના પત્રથી તેઓના વિભાગ હસ્તકના અમદાવાદ- ગોધરા-દાહોદ- ઈન્દોર રોડ કિમી ૧૧૬/૮ થી કિમી ૧૨૯/૪ શહેરમાંથી પસાર થતાં રોડ પર ફલાયઓવર બ્રીજ પ્રગતિ હેઠળ છે. હાલમાં સદર ફલાયઓવરની કામગીરીમાં આઈ.ટી.આઈ પ્રભા કોતર થી લઈને બસ સ્ટેન્ડ તરફ કામગીરી પ્રગતિમાં છે અને ચર્ચથી બસ સ્ટેશન તરફ કામગીરી તા.૧૫/૦૮/૨૦૨૫ થી ચાલુ કરવાનું આયોજન છે. ફલાય ઓવરના બાંધકામ દરમ્યાન શહેરનાં મુખ્ય માર્ગ નો અંદાજીત ૧૧.૦૦ થી ૧૨.૦૦ મીટર નો ભાગ ફલાયઓવર બનાવવા માટે ઉપયોગ કરવાનો થાય છે માટે શહેરનાં મુખ્યમાર્ગ પર ટ્રાફીકની સમસ્યા નાં થાય તે અંગે સરકારી અને ખાનગી બસો અને અન્ય અડચણ રૂપ વાહનો ને શહેરમાં પ્રવેશ ન કરવા અંગે જાહેરનામું બહાર પાડવાની આવશ્યકતા રહે છે, જે અંગે ટ્રાફીક પોલીસ અને આર.ટી.ઓ ગોધરા નો અભિપ્રાય મેળવેલ છે. 'તદઉપરાંત આઈ.ટી.આઈ પ્રભા કોતર થી બસ સ્ટેન્ડ સુધીના મુખ્ય રસ્તા પર કોઈ વાહનને પ્રવેશ આપવાની જરૂરીયાત જણાય તો રાત્રી ૧૨.૦૦ વાગે થી સવારનાં ૫.૦૦ વાગ્યા સુધી સંબંધિત ટ્રાફીક પોલીસ અને આર. ટી. ઓ ની પરવાનગી મેળવી પ્રવેશ કરવા અંગે અનુમતિ આપવા વિ તથા સદર કામગીરી દરમ્યાન ફલાયઓવર બ્રીજ બનાવવા માટે ઉપયોગી વાહનોને છુટ આપવા વિનંતી છે.

સબબ, અમદાવાદ-ગોધરા-દાહોદ-ઈન્દોર રોડ કિમી ૧૧૬/૮ થી કિમી ૧૨૯/૪ ગોધરા શહેરમાંથી પસાર થતાં રોડ પર ફલાયઓવર બ્રીજ પ્રગતિ હેઠળ છે. હાલમાં સદર ફલાય ઓવરની કામગીરીમાં આઈ.ટી.આઈ પ્રભા કોતરથી લઈને બસ સ્ટેન્ડ તરફ કામગીરી પ્રગતિમાં છે અને ચર્ચથી બસ સ્ટેશન તરફ કામગીરી ચાલુ કરવાનું આયોજન છે. ફલાય ઓવરના બાંધકામ દરમ્યાન શહેરનાં મુખ્ય માર્ગનો અંદાજીત ૧૧.૦૦ થી ૧૨.૦૦

મીટરનો ભાગ ફલાયઓવર બનાવવા માટે ઉપયોગ કરવાનો થાય છે માટે શહેરનાં મુખ્યમાર્ગ પર ટ્રાફીકની રામસ્યા ના થાય તે અંગે સરકારી અને ખાનગી બસો અને અન્ય અડચણરૂપ વાહનોને શહેરમાં પ્રવેશ ન કરવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : મકમ/વશી/૧૨૪૧થી ૧૨૬૬/૧૦ તા. ૧૬/૦૮/૨૦૧૦થી સરકારશ્રીના મહેસૂલ વિભાગ, ગાંધીનગરના ઠરાવ તા.૧૫/૦૨/૧૯૯૯ ની સૂચના મુજબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ હેઠળની જિલ્લા મેજિસ્ટ્રટશ્રીની સત્તા અધિક જિલ્લા મેજિસ્ટ્રટશ્રીને સુપ્રત કરવામાં આવેલ છે,

આથી હું જે.જે.પટેલ (જી.એ.એસ) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે મને મળેલ અધિકારની રૂએ અમદાવાદ-ગોધરા-દાહોદ-ઈન્દોર સેડ કિમી ૧૧૬/૮ થી કિમી ૧૨૯/૪ ગોધરા શહેરમાંથી પસાર થતાં રોડ પર ફલાય ઓવર બ્રીજ તેમજ આઈ.ટી.આઈ પ્રભા કોતરથી લઈને બસ સ્ટેન્ડ તરફ કામગીરી પ્રગતિમાં હોઈ તેમજ ચર્ચથી બસ સ્ટેશન તરફ કામગીરી ચાલુ કરવાનું આયોજન હોઈ ફલાય ઓવરના બાંધકામ દરમ્યાન શહેરનાં મુખ્ય માર્ગનો અંદાજીત ૧૧.૦૦ થી ૧૨.૦૦ મીટરનો ભાગ ફલાયઓવર બનાવવા માટે ઉપયોગ કરવાનો થાય છે. જેથી શહેરનાં મુખ્યમાર્ગ પર ટ્રાફીકની સમસ્યા ના થાય તે માટે સરકારી અને ખાનગી બસો અને અન્ય અડચણરૂપ વાહનોને શહેરમાં પ્રવેશ ન કરવા સંબંધિતોને ફરમાવું છું.

૧. મધ્યપ્રદેશ-સંતરોડ-દાહોદ-ઝાલોદ-દેવગઢ બારીઆ તરફથી ગોધરા આવતી તમામ સરકારી તથા ખાનગી બસો પરવડી ચોકડી જલારામ સ્કુલથી-કોટડા ગામ-ચંચોપા ચોકડી-કંકુથાંભલા ચોકડી-છબનપુર ચોકડી અંડરબ્રીજ-પંચામૃત ડેરી સર્કલ-એસ.આર.પી-એફ.સી.આઈ ગોડાઉન-ભુરાવાવ ચોકડી થઈ નવિન કાર્યરત હંગામી બસ સ્ટેન્ડ તરફ અવર-જવર કરી શકશે તેવી જ રીતે ગોધરાથી મધ્યપ્રદેશ-સંતરોડ-દાહોદ-ઝાલોદ-દેવગઢ બારીઆ તરફ જતી તમામ સરકારી તેમજ ખાનગી બસો ભુરાવાવ ચોકડી-એફ.સી.આઈ ગોડાઉન-એસ.આર.પી-પંચામૃત ડેરી સર્કલ-છબનપુર ચોકડી અંડરબ્રીજ-કંકુથાંભલા ચોકડી-ચંચોપા ચોકડી-કોટડા ગામ-પરવડી ચોકડી જલારામ સ્કુલ થઈ ગંતવ્ય સ્થાન તરફ જઈ શકશે.

૨. અમદાવાદ રોડ તરફથી ગોધરા બાજુ આવતી તમામ સરકારી તથા ખાનગી બસો ત્રિ મંદિર-ભામૈયા-શિમલા-સેન્ટ આર્નોલ્ડ સ્કુલ તરફ થઈ નવિન કાર્યરત હંગામી બસ સ્ટેન્ડ તરફ અવર-જવર કરી શકશે તેવી જ રીતે ગોધરોથી અમદાવાદ રોડ તરફ જતી તમામ સરકારી તથા ખાનગી બસો સેન્ટ આર્નોલ્ડ સ્કુલ -શિમલા- ભામૈયા-ત્રિ મંદિર, થઈ ગતવ્ય સ્થાન તરફ જઈ શકશે.

૩. વડોદરા-હાલોલ તરફથી આવતી તમામ સરકારી તથા ખાનગી બસો તૃમી હોટલ-લીલેસરા ચોકડી-ગદુકપુર ચોકડી-બામરોલી ચોકડી-પરવડી ચોકડી જલારામ સ્કુલથી-કોટડા ગામ-ચંચોપા ચોકડી-કંકુથાંભલા ચોકડી-છબનપુર ચોકડી અંડરબ્રીજ-પંચામૃત ડેરી સર્કલ-એસ.આર.પી-એફ.સી.આઈ ગોડાઉન-ભુરાવાવ ચોકડી થઈ નવિન કાર્યરત હંગામી બસ સ્ટેન્ડ તરફ અવર-જવર કરી શકશે તેવીજ રીતે ગોધરાથી વડોદરા-હાલોલ તરફ જતી તમામ સરકારી તેમજ ખાનગી બસો ભુરાવાવ ચોકડી-એફ.સી.આઈ ગોડાઉન-એસ.આર.પી-પંચામૃત ડેરી સર્કલ-છબનપુર ચોકડી અંડરબ્રીજ-કંકુથાંભલા ચોકડી-ચંચોપા ચોકડી-કોટડા ગામ-પરવડી ચોકડી જલારામ સ્કુલ-બામરોલી ચોકડી- ગદુકપુર ચોકડી-લીલેસરા ચોકડી-તૃમી હોટલ થઈ ગંતવ્ય સ્થાન તરફ જઈ શકશે.

૪. દામાવાવ-બામરોલી રોડથી આવતા તમામ સરકારી તથા ખાનગી બસો બામરોલી ચોકડી-પરવડી ચોકડી જલારામ સ્કુલથી-કોટડા ગામ-ચંચોપા ચોકડી-કંકુથાંભલા ચોકડી-છબનપુર ચોકડી અંડરબ્રીજ-પંચામૃત ડેરી સર્કલ-તથા ખાનગી બસો બામરોલી ચોકડી-પરવડી ચોકડી એસ.આર.પી-એફ.સી.આઈ ગોડાઉન-ભુરાવાવ ચોકડી થઈ નવિન કાર્યરત હંગામી બસ સ્ટેન્ડ તરફ અવર-જવર કરી શકશે તેવીજ રીતે ગોધરાથી દામાવાવ-બામરોલી રોડ તરફ જતી તમામ સરકારી તેમજ ખાનગી બસો ભુરાવાવ ચોકડી-એફ.સી.આઈ ગોડાઉન-એસ.આર.પી-પંચામૃત ડેરી સર્કલ-છબનપુર ચોકડી અંડરબ્રીજ-કંકુથાંભલા ચોકડી-ચંચોપા ચોકડી-કોટડા ગામ-પરવડી ચોકડી જલારામ સ્કુલ-બામરોલી ચોકડી થઈ ગંતવ્ય સ્થાન તરફ જઈ શકશે.

૫. શામળાજી-લુણાવાડા તરફથી ગોધરા તરફ આવતી તમામ સરકારી તથા ખાનગી બસો છબનપુર ચોકડી અંડરબ્રીજ-પંચામૃત ડેરી સર્કલ-એસ.આર.પી-એફ.સી.આઈ ગોડાઉન-ભુરાવાવ ચોકડી થઈ નવિન કાર્યરત હંગામી બસ સ્ટેન્ડ તરફ અવર-જવર કરી શકશે તેવી જ રીતે શામળાજી-લુણાવાડા તરફ જતી તમામ સરકારી તેમજ ખાનગી બસો ભુરાવાવ ચોકડી-એફ.સી.આઈ ગોડાઉન-એસ.આર.પી-પંચામૃત ડેરી સર્કલ-છબનપુર ચોકડી અંડરબ્રીજ થઈ ગંતવ્ય સ્થાન તરફ જઈ શકશે.

અપવાદ : હાલોલ-વડોદરા તરફથી ગોધરા આવતી તેમજ ગોધરાથી હાલોલ-વડોદરા તરફ જતી માત્ર સરકારી બસો તા.૧૫-૦૮-૨૦૨૫ સુધી" તૃમિ હોટલ-સિવિલ લાઈન્સ રોડ-ચર્ચ થઈ પોલીસ હેડકવાર્ટર થઈ ભુરાવાવ ચોકડી થઇ નવિન કાર્યરત હંગામી બસ સ્ટેન્ડ સુધીના રોડનો ઉપયોગ કરી શકશે. પરંતુ, સદર રૂટ ઉપરથી અવર-જવર દરમ્યાન લાલબાગ બસ સ્ટેન્ડ પાસે મુસાફરોને લેવા-મુકવા સારૂ સ્ટોપેજ કરવાનું રહેશે નહી. આ જાહેરનામાની તારીખથી તા. ૧૫/૦૮/૨૦૨૫ બાદ મુદ્દા નં.૩ મુજબના રૂટ મુજબ અમલ કરવાનો રહેશે.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંધન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે

આજ તારીખ:૧૭મી જુલાઈ-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કર્યો.

જે. જે. પટેલ,
અધિક જિલ્લા મેજિરટ્રેટ,
પંચમહાલ-ગોધરા

વાંચ્યા:-

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ ગોધરાના પત્ર જા.નં.સીબી/ગોધરા/૧૩૩ તા.૧૪/૦૭/૨૦૨૫

(૨) પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાના પત્ર નં.LIB/બ્રિજ રીપેરીંગ/અભિપ્રાય/૨૩૭૩/૨૦૨૫ તા.૧૬/૦૭/૨૦૨૫

(૩) સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ગોધરાના પત્ર નં,એમએજી/વશી/૩૪૨/૨૦૨૫ તા.૧૪/૦૭/૨૦૨૫

(૪) ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩, ની જોગવાઈ

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) હેઠળ

નં.એમએજી/જાહેરનામું/વશી/૧૫૬૭ થી ૧૫૭૭/૨૦૨૫.-કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ ગોધરાના વંચાણે લીધેલ અ.નં.(૧) ના તા.૧૪/૦૭/૨૦૨૫ આ પત્રથી તેઓના હસ્તક આવેલ ડેરોલ-સણસોલી-કલ્યાણા રોડ (મુખ્ય જીલ્લા માર્ગ) કી.મી.૦/૦ થી ૧૬/૪ ની ચેઈનેજ કી.મી.૧૦/૨ થી ૧૦/૪ પર મેજર બ્રીજ આવેલ છે. સદર બ્રીજની પ્રિ-મોનસુન ચકાસણી દરમ્યાન સદર બ્રીજ પ્રારંભિક નજરે નબળી જણાયેલ છે. માર્ગ અને મકાન વિભાગના ડીઝાઈન સર્કલ, ગાંધીનગરની ટીમ ધ્વારા તા.૧૨/૭/૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ સ્થળ વિઝીટ બાદ ભારે વાહનો માટે સદર બ્રીજના રિપેરીંગ/રીટ્રોફીટીંગની કામગીરી થાય ત્યાં સુધી ભારે વાહનો માટે બંધ કરવાનો અભિપ્રાય આપેલ છે. સદર બ્રીજના રિપેરીંગ કામના નકશા અંદાજોને તાંત્રિક મંજુરી, મળેલ છે અને ડીટીપી બનાવવાની પ્રક્રિયામાં છે. આમ સદર બ્રીજના રિપેરીંગ/રીટ્રોફીટીંગની કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી સદર, બ્રીજ ભારે વાહનો માટે બંધ કરવાનું હિતાવહ જણાય છે. જેથી ડેરોલ-સણસોલી-કલ્યાણા રોડ પર આવેલ કી.મી.૧૦/૨ થી ૧૦/૪ પર મેશરી નદી પર આવેલ સદરહું બ્રીજને ભારે વાહનો માટે જુન-૨૦૨૬ સુધી બંધ કરવા બાબતનું જાહેરનામું બહાર પાડવા વિનંતી કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાના વંચાણે લીધેલ અ.નં.(૨) ના તા.૧૬/૦૭/૨૦૨૫ ના પત્રથી ઉકત વિગતેનું જાહેરનામું બહાર પાડવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ગોધરાના વંચાણે લીધેલ અ.નં.(૩) ના તા.૧૪/૦૭/૨૦૨૫ના પત્રથી ઉક્ત વિગતે જાહેરનામું બહાર પાડવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

ઉકત વિગતે કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન વિભાગ ગોધરાની મળેલ દરખાસ્ત તેમજ પોલીસ અધિક્ષકશ્રી પંચમહાલ ગોધરા તથા સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી ગોધરા પ્રાન્ત, ગોધરાના હકારાત્મક અભિપ્રાય મુજબ માર્ગ અને મકાન પેટા વિભાગ, ગોધરા હસ્તક આવેલ ડેરોલ-સણસોલી-કલ્યાણા રોડ (મુખ્ય જીલ્લા માર્ગ) કી.મી.0/0 થી ૧૬/૪ ની ચેઈનેજ કી.મી.૧૦/૨ થી ૧૦/૪ પરનો મેજર બ્રીજના રિપેરીંગ/રીટ્રોફીટીંગની કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી સદર બ્રીજ ભારે વાહનો માટે બંધ કરવો જરૂરી જણાય છે.

અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : મકમ/વશી/૧૨૪૧થી૧૨૬૬/૧૦ તા. ૧૬/૦૮/૨૦૧૦થી સરકારશ્રીના મહેસૂલ વિભાગ, ગાંધીનગરના ઠરાવ તા.૧૫/૦૨/૧૯૯૯ ની સૂચના મુજબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ હેઠળની જિલ્લા મેજિસ્ટ્રટશ્રીની સત્તા અધિક જિલ્લા મેજિસ્ટ્રટશ્રીને સુપ્રત કરવામાં આવેલ છે.

આથી હું જે.જે.પટેલ (જી.એ.એસ) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે મને મળેલ અધિકારની રૂએ. માર્ગ અને મકાન પેટા વિભાગ, ગોધરા હસ્તક આવેલ ડેરોલ-સણસોલી-કલ્યાણા રોડ (મુખ્ય જીલ્લા માર્ગ) કી.મી.૦/૦ થી ૧૬/૪ ની ચેઈનેજ કી.મી.૧૦/૨ થી ૧૦/૪ પરનો મેજર બ્રીજના રિપેરીંગ/રીટ્રોફીટીંગની કામગીરી માટે તા.૩૦/૦૬/૨૦૨૬ સુધી સદર બ્રીજ ભારે વાહનો માટે બંધ કરવા અને નીચે જણાવ્યા મુજબના વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરવા ફરમાવું છું.

વૈકલ્પિક રસ્તાઓ :-

(અ) ઠાસરા તરફથી આવતાં ભારે વાહનો વલાવાવ-વેજપુર થઈ વછેસર થી ટુવા-મહેલોલ-વેજલપુર થઈ કાલોલ તરફ જઈ શકશે. (૪૦ કિ.મી)

(બ) હાલોલ-કાલોલ તરફથી આવતાં ભારે વાહનો વેજલપુર થઈ મહેલોલ થઈ વછેસર થી ટુવાથી અમદાવાદ-ગોધરા નેશનલ હાઈવેથી સેવાલીયા બજાર-સેવાલીયા થઈને ઠાસરા તરફ જઈ શકાશે. (૪૫ કિ.મી)

શિક્ષા :-

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા ગોધરા માર્ગ અને મકાન વિભાગ (રાજય) દ્વારા કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે.

આજ તારીખ:૧૭ મી જુલાઈ-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કર્યો.

જે. જે. પટેલ,
અધિક જિલ્લા મેજિરટ્રેટ,
પંચમહાલ-ગોધરા

વાંચ્યા:-

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(પંચાયત) ગોધરાના પત્ર જા.નં.જિપં/બાંધ/પીબી/વશી/૪૪૫/૨૦૨૫ તા.૧૪/૦૭/૨૦૨૫

(૨) પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાના પત્ર નં.LIB/વાહન ડાયવર્ટ/અભિપ્રાય/૨૩૭૪/૨૦૨૫ તા.૧૬/૦૭/૨૦૨૫

(૩) સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ગોધરાના પત્ર નં.એમએજી/વશી/૩૪૩/૨૦૨૫ તા.૧૪/૦૭/૨૦૨૫

(૪) ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) હેઠળ

નં.એમએજી/જાહેરનામું/વશી/૧૫૫૬ થી ૧૫૬૬/૨૦૨૫.-કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(પંચાયત) ગોધરાના વંચાણે લીધેલ અ.નં.(૧) ના તા:૧૪/૦૭/૨૦૨૫ ના પત્રથી તેઓના પેટાવિભાગ હસ્તકનો ગોધરા તાલુકાનો વેગણપુર કાંકણપુર રોડ કીમી 0/00 થી ૫/૨૦૦ ની ચેનેજ ૪/૩૦૦ થી ૪/૪૦૦ ઉપર મહિયો નદી ઉપર હયાત જર્જરીત સ્લેબ ડ્રેઈન તથા વેન્ટેડ ડીપ આવેલ છે જે હાલમાં જર્જરીત હાલતમાં હોઈ વાહનો ના અવરજવર માટે જોખમી જણાય છે. સદર જુના સ્ટ્રકચરની જગ્યાએ સરકારશ્રીમાંથી નવીન હાઈલેવલ મેજર બ્રિજ માટે જોબ નંબર ફાળવેલ છે તથા સદર કામનો વર્ક ઓર્ડર ઈજારદારશ્રીને તારીખ ૧૧/૦૭/૨૦૨૫ ના રોજ આપેલ છે જેની કામગીરી તાત્કાલિક શરૂ કરવામાં આવશે તથા હાલમાં ચોમાસાની સિઝન હોઈ સદર બ્રિજ સાઈટની બાજુમાં ડાઈવર્ઝન આપવાની કામગીરી થઈ શકે તેમ નથી તથા વેગનપુર કાંકણપુર રોડ ઉપરથી ટ્રાફીકની અવરજવર બંધ કરવાની થાય છે. જે રસ્તો બંધ તા. ૧૭/૦૭/૨૦૨૬ સુધી બંધ કરવા બાબતનું જાહેરનામું બહાર પાડવા વિનંતી કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાના વંચાણે લીધેલ અ.નં.(૨) ના તા.૧૬/૦૭/૨૦૨૫ ના પત્રથી ઉકત વિગતેનું જાહેરનામુ બહાર પાડવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ગોધરાના વંચાણે લીધેલ અ.નં.(૩) ના તા.૧૪/૦૭/૨૦૨૫ના પત્રથી ઉક્ત વિગતે જાહેરનામુ બહાર પાડવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

ઉકત વિગતે કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન વિભાગ(પંચાયત) ગોધરાની મળેલ દરખાસ્ત તેમજ પોલીસ અધિક્ષકશ્રી પંચમહાલ ગોધરા તથા સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી ગોધરા પ્રાન્ત, ગોધરાના હકારાત્મક અભિપ્રાય મુજબ માર્ગ અને મકાન પેટા વિભાગ, ગોધરા હસ્તક આવેલ ગોધરા તાલુકાનો વેગણપુર કાંકણપુર રોડ કીમી ૦/૦૦ થી ૫/૨૦૦ ની ચેનેજ ૪/૩૦૦ થી ૪/૪૦૦ ઉપર મહિયો નદી ઉપર આવેલ સ્લેબ ડ્રેઈન તથા વેન્ટેડ ડીપ બંધ કરવા તથા અવરજવર માટે અન્ય વૈકલ્પિક રસ્તા ઉપર ડાયવર્ઝન આપવા ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ની કલમ ૩૩(૧)(ખ)૩૩(૧)(ખ) મુજબ તા. ૧૭/૦૭/૨૦૨૫ થી તા. ૧૭/૦૭/૨૦૨૬ સુધીના સમયગાળા માટે બંધ કરવો જરૂરી જણાય છે.

અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : મકમ/વશી/૧૨૪૧થી ૧૨૬૬/૧૦ તા. ૧૬/૦૮/૨૦૧૦થી સરકારશ્રીના મહેસૂલ વિભાગ, ગાંધીનગરના ઠરાવ તા.૧૫/૦૨/૧૯૯૯ ની સૂચના મુજબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ હેઠળની જિલ્લા મેજિસ્ટ્રટશ્રીની સત્તા અધિક જિલ્લા મેજિસ્ટ્રટશ્રીને સુપ્રત કરવામાં આવેલ છે.

આથી હું જે.જે.પટેલ (જી.એ.એસ) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે મને મળેલ અધિકારની રૂએ માર્ગ અને મકાન પેટા વિભાગ, ગોધરા હસ્તક આવેલ વેગણપુર કાંકણપુર રોડ કીમી ૦/૦૦ થી ૫/૨૦૦ ની ચેનેજ ૪/૩૦૦ થી ૪/૪૦૦ ઉપર મહિયો નદી ઉપર હયાત જર્જરીત સ્લેબ ડ્રેઈન તથા વેન્ટેડ ડીપના સ્થાને નવીન હાઈલેવલ મેજર બ્રિજની કામગીરી માટે તા.૧૭/૦૭/૨૦૨૬ સુધી સદર બ્રીજ તમામ વાહનો માટે બંધ કરવા અને નીચે જણાવ્યા મુજબના વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરવા ફરમાવું છું.

વૈકલ્પિક રસ્તાઓ :-

(અ) વેગનપુરથી કાંકણપુર તરફ જતાં વાહનો વેગનપુર થી વિંઝોલ - ટીંબાની મુવાડી થઈ કાંકણપુર તરફ જઈ શકશે (૮.૨૫૦ કિ.મી)

(બ) કાંકણપુરથી વેગનપુર તરફ જતાં વાહનો કાંકણપુરથી ટીંબાની મુવાડી - વિંઝોલ થઇ વેગનપુર તરફ જઈ શકાશે. (૮.૨૫૦ કિ.મી)

શિક્ષા :-

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા ગોધરા માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) દ્વારા કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે.

આજ તારીખઃ ૧૭મી જુલાઈ-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

જે. જે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ-ગોધરા

વાંચ્યા:-

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ ગોધરાના પત્ર જા.નં.સીબી/ગોધરા/૧૧૩/સને.૨૦૨૫ તા. ૧૦/૦૭/૨૦૨૫

(૨) પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાના પત્ર નં.LIB/ડાયવર્ઝન/જાહેરનામુ/૨૩૩૭/૨૦૨૫ તા.૧૧/૦૭/૨૦૨૫

(૩) સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ગોધરાના પત્ર નં.એમએજી/વશી/૬૩૯/૨૦૨૫ તા.૧૦/૦૭/૨૦૨૫

(૪) ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) હેઠળ

નં એમએજી.જાહેરનામું/વશી/૧૫૪૫ થી ૧૫૬૫/૨૦૨૫.- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ ગોધરાના વંચાણે લીધેલ અ.નં. (૧) ના તા.૧૦/૦૭/૨૦૨૫ ના પત્રથી માર્ગ અને મકાન પેટા વિભાગ, ડાકોર હસ્તકના અમદાવાદ-કુહા-કઠલાલ-બાલાસિનોર-ગોધરા-ઈન્દોર રોડ કિ.મી.૯૦/૨૭૫ થી ૯૫/૮૯૦ પર આવેલ મેજર બ્રીજના એકસપાન્સન જોઈન્ટ તેમજ બેરીંગમાં ખામી હોવાથી ઉપરના તમામ ટ્રાફીકને અન્ય રોડ પર ડાયવર્ટ કરવો હિતાવહ અને સદર બ્રીજની રીપેરીંગની કામગીરી સરકારશ્રી ધ્વારા મંજુર કરવામાં આવેલ છે. જેમાં ઈજારદારને વર્ક આર્ડર આપી કામગીરી શરૂ કરવામાં આવશે. જે પ્રક્રિયા પ્રગતિ હેઠળ છે. જેથી કામગીરી પુરી થાય અથવા ઓછામાં ઓછુ ૨ (બે) મારા સુધી બ્રીજવાળા રસ્તા ઉપર ટ્રાફીક ડાયવર્ટ કરવા અંગે જાહેરનામું બહાર પાડવા વિનંતી કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાના વંચાણે લીધેલ અ.નં. (૨) ના તા.૧૧/૦૭/૨૦૨૫ ના પત્રથી ઉકત વિગતેનું જાહેરનામું બહાર પાડવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ગોધરાના વંચાણે લીધેલ અ.નં.(૩) ના તા.૧૦/૦૭/૨૦૨૫ના પત્રથી ઉકત *વિગતે જાહેરનામું બહાર પાડવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

ઉકત વિગતે કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન વિભાગ ગોધરાની મળેલ દરખાસ્ત તેમજ પોલીસ અધિક્ષકશ્રી પંચમહાલ ગોધરા અને સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી ગોધરા પ્રાન્ત, ગોધરાના હકારાત્મક અભિપ્રાય મુજબ માર્ગ અને મકાન પેટા વિભાગ, ડાકોર હસ્તકના અમદાવાદ-કુહા-કઠલાલ-બાલાસિનોર-ગોધરા-ઈન્દોર રોડ કિ.મી.૯૦/૨૭૫ થી ૯૫/૮૯૦ પર આવેલ મેજર બ્રીજના એકસપાન્સન જોઈન્ટ તેમજ બેરીંગમાં ખામી હોવાથી બીજ રીપેરીંગ માટે રસ્તો બંધ કરવા અને અવર-જવર માટે અન્ય વૈકલ્પિક રસ્તા ઉપર ડાયવર્ઝન આપવા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) મુજબ તા.૧૧/૦૭/૨૦૨૫ ના રોજ રાત્રીના ૦૦:૦૦ કલાકથી ૨ (બે) માસ એટલે કે તા.૧૧/૦૯/૨૦૨૫ સુધીના સમયગાળા માટે બંધ કરવો જરૂરી જણાય છે.

અત્રેની કચેરીના હુકમથી સરકારશ્રીના મહેસૂલ વિભાગ, ગાંધીનગરના ઠરાવ તા.૧૫/૦૨/૧૯૯૯ ની સૂચના મુજબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ હેઠળની જિલ્લા મેજિસ્ટ્રટશ્રીની સત્તા અધિક જિલ્લા મેજિસ્ટ્રટશ્રીને સુપ્રત કરવામાં આવેલ છે.

આથી હું જે.જે.પટેલ (જી.એ.એસ) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે મને મળેલ અધિકારની રૂએ માર્ગ અને મકાન પેટા વિભાગ, ડાકોર હસ્તકના અમદાવાદ-કુહા-કઠલાલ-બાલાસિનોર-ગોધરા-ઈન્દોર રોડ કિ.મી.૯૦/૨૭૫ થી ૯૫/૮૯૦ પર આવેલ મેજર બ્રીજના એકસપાન્સન જોઈન્ટ તેમજ બેરીંગમાં ખામી હોવાથી બીજ રીપેરીંગ માટે રસ્તો બંધ કરવા અને નીચે જણાવ્યા મુજબના વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરવા ફરમાવવું છું.

વૈકલ્પિક રસ્તાઓ :-

(અ) ગોધરા-ઉદલપુર-ટીંબાથી સેવાલીયા-ડાકોર તરફ જતા મોટા તેમજ નાના વાહનો માટે " અમદાવાદ-ગોધરા નેશનલ હાઈવેથી સેવાલીયા બજાર-સેવાલીયા થઈને ઠાસરા-ડાકોર તરફ જઈ શકાશે. (૬/૦૦ કિ.મી)

(બ) ડાકોર-ઠાસરા-સેવાલીયા થી ટીંબા-ઉદલપુર-ગોધરા તરફ જતાં મોટા તેમજ નાના વાહનો માટે " સેવાલીયાથી સેવાલીયા બજાર થઈ અમદાવાદ-ગોધરા નેશનલ હાઈવે થઈને ગોધરા તરફ જઈ શકાશે. (૬/૦૦ કિ.મી)

શિક્ષા

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંધન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા ગોધરા માર્ગ અને મકાન વિભાગ (રાજય) દ્વારા કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે.

આજ તારીખ- ૧૧મી જુલાઈ-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કર્યો.

જે. જે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ ગોધરા

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.08.29 18:46:35 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara